# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ


સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ઓફીસ ફોન : ૦૭૯-૨૭૫૪૫૦૫૧-૫૪ ફેક્સ : ૦૭૯-૨૭૫૪૫૦૬૧
ઈ-મેઈલ : auda_urban@yahoo.co.in વેબ સાઈટ : www.auda.org.in


અરજી ક્રમાંક:

પ્રતિ,

સત્તામંડળ દ્વારા મોજે બોપલ, ટી.પી. સ્કીમ નં. ૩ ના અંતિમ ખંડ ૨૫૦ માં LIG કેટેગરી ના મકાનો ના નિર્માણ માટે આયોજન કરવામાં આવેલ છે જે માટે આજે તા._/_/૨૦૧_ ના રોજ જાહેર ડ્રો કરતાં આપ પસંદ થયેલ છો. જેના માટે આપને હાર્દિક અભિનંદન. આપને ફાળવાયેલ મકાનની વિગતો નીચે મુજબ છે.

| ઈ. ડબ્લ્યુ. એસ. બોપલ ૨૫૦ | | | |
|---|---|---|---|
| **સ્કીમ** | **બ્લોક** | **માળ** | **મકાન નંબર** |
| | | | |

ફાળવેલ આવાસ માટે જમા કરાવવાની થતી રકમમાં આપે ભરેલ રજીસ્ટ્રેશન ફી રૂ.૧૦,૦૦૦/- બાદ કરતાં ભરવાની થતી રકમનાં હપ્તા તથા રકમ જમા કરાવવાની અંતિમ તારીખની વિગતો નીચે મુજબ છે.

| હપ્તાની વિગત | હપ્તાની રકમ જમા કરાવવાની અંતિમ તારીખ | હપ્તાની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| પ્રથમ હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૧,૧૦,૫૦૦/- |
| બીજો હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૧,૫૦,૫૦૦/- |
| ત્રીજો હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૧,૫૦,૦૦૦/- |
| ચોથો હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૧,૮૦,૦૦૦/- |
| પાંચમો હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| છઠ્ઠો હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| સાતમો હપ્તો | તા._/_/૨૦૧_ | રૂ. ૨,૦૦,૦૦૦/- |

**(એસ્ટેટ ઓફિસર)**
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

- **હપ્તાની રકમ "અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ"ની તરફેણમાં લખેલ તથા અમદાવાદ ખાતે ચૂકવવા પાત્ર બેંકર્સ ચેક, પે ઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કરવાની રહેશે**
- **અંતિમ તારીખ જાહેર રજાના દિવસે આવતી હોય તો તેની આગળની તારીખના રોજ સુધીમાં હપ્તો જમા કરાવવાનો રહેશે**
- **નિયમ સમય સુધીમાં હપ્તો જમા કરાવવામાં નહીં આવે તો આપને ફાળવેલ મકાન આપ મેળવવા ઈચ્છતા નથી તેમ માની સત્તામંડળ આગળની કાર્યવાહી હાથ ધરશે**
- **અંતિમ તારીખ શનિવારના દિવસે (બીજો અને ચોથો શનિવાર સિવાય) આવતી હોય તો બપોરના ૧૩:૦૦ કલાક સુધીમાં હપ્તાની રકમ જમા કરાવવાની રહેશે**

## શરતો

(૧) જણાવેલ તારીખ સુધીમાં પ્રથમ હપ્તો જમા કરાવવામાં નહી આવેતો ફાળવણી રદ કરી રજીસ્ટ્રેશન ફી ની રકમમાંથી વહીવટી ખર્ચ પેટે રૂ.૧૦૦૦/- કાપી લઈ બાકીની રકમ વ્યાજ સિવાય પરત ચુકવવામાં આવશે તથા આપનું સભ્યપદ અન્યને ફાળવવાની કચેરી પ્રથા અનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) આ યોજના હેઠળ જે અરજદાર દ્બારા રજૂ કરવામાં આવેલ માહિતી તથા આધારો સાચા ન હોવાનું પુરવાર થાય તેવા અરજદારના કિસ્સામાં યોજના અંતર્ગત મકાન ફાળવણી રદ અંગેના નિર્ણય થયા બાદ રજીસ્ટ્રેશન ફી જપ્ત કરવામાં આવશે અને પરત મળવાપાત્ર થશે નહિં.

(૩) આપને AUDA ખાતે જમા કરાવવાપાત્ર તમામ દસ્તાવેજો આપે જમા કરાવેલ હશે પરંતુ તેમ છતાં દસ્તાવેજોમાં કયાંય અધુરી વિગત કે વિસંગતા જણાય તેવા કિસ્સામાં આપે તેની પૂર્તતા કર્યા બાદ આપનો પ્રથમ હપ્તો AUDA ખાતે જમા લેવામાં આવશે અન્યથા આપની ફાળવણી રદ કરવામાં આવશે.

(૪) અરજદારે મકાનની નિયત કરેલ કિંમતની સંપૂર્ણ ચુકવણી થયેથી પ્રથમ બે વર્ષ માટે મેઇન્ટેનન્સ પેટે રૂ.૫૦,૦૦૦/- અલગથી ઔડા કચેરીએ જમા કરાવવાના રહેશે.

(૫) લાભાર્થી એ સરકારે નિયત કરેલ તમામ પ્રકારના વેરા તથા વીજળીના માસિક વપરાશના ચાર્જીસ ભરવામાં રહેશે.

(૬) ઔડા દ્બારા આ આવાસો માટે તૈયાર કરેલ રહેણાંક સંકુલમાં કોઇ પણ પ્રકારની ગંદકી ન થાય, સ્વછતા જળવાય તથા આ જગ્યાની હરીયાળી સુરક્ષીત રાખવાની રહેશે.

(૭) આ મુજબ આવાસો લેનાર વ્યક્તિ આવાસોની ઉપર કે આસપાસ કોઇ પણ પ્રકારનું હંગામી કે સ્થાયી બાંધકામ કરી શકશે નહીં. આ આવાસોના ઉપરના માળે કોઇ પણ બાંધકામનો હક્ક ઔડા પાસે અબાધિત રહેશે.

(૮) આ આવાસોની ઔડા દ્બારા ફાળવણી કર્યાબાદ આવાસો કે આવાસો સંકુલ કે તેના કોઇ ભાગને કુદરતી અથવા કૃત્રિમ કારણોસર નુકશાન થાય તો તે અંગેની જવાબદારી ફ્લેટ ધારક વ્યક્તિની રહેશે તથા આ અંગે સત્તામંડળ સામે કોઇ પણ જાતનો નુકશાનનો હક્ક દાવો કરી શકાશે નહીં.

(૯) આ મુજબ આવાસ મેળવનારે વપરાશ પોતે જ કરવાનો રહેશે. LIG આવાસ લાભાર્થી આ હક્ક કોઇ અન્યને ફાળવણીની તારીખથી ૭ વર્ષ સુધી તબદીલ કરી શકશે નહીં.

(૧૦) આ મુજબ આવાસ મેળવનારે કરાર-દસ્તાવેજ, વેરા સહિતનો તમામ આનુસાંગિક ખર્ચ ભોગવવાનો રહેશે.

(૧૧) આ મિલકતો વેચાણ આપવા અંગેની ઉપરોક્ત અથવા ફાળવણી કરાર અંગેની કોઈપણ બોલી કે શરતોનો ભંગ થવાના કિસ્સામાં અથવા તો આ મિલકતોનો કોઈપણ રીતે અનઅધિકૃત, ગેરવાજબી, ગેરકાયદેસર કે વિવાદાસ્પદ ઉપયોગી થવાના કિસ્સામાં આવાસ વેચાણ રાખનાર તેના કૃત્ય બદલ સંપૂર્ણપણે જવાબદાર રહેશે તેમજ ફાળવણી રદ કરવાનો અધિકાર સત્તામંડળને રહેશે.

(૧૨) આ અંગેની શરતો અથવા તો પ્રક્રિયા બાબતે વિવાદ થવાના કિસ્સામાં સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૧૩) સોસાયટીની રચના અને તેનો વહીવટ સંભાળવા બાબત મંડળી રજીસ્ટર કરવી તથા કોમન સુવિધાઓની જવાબદારી મંડળીની રહેશે અને જે અરજદારને મકાન ફાળવવામાં આવેલ હોય તેઓએ ફરજીયાત આ સોસાયટીના સભ્ય થવાનું રહેશે.

(૧૪) છેલ્લા હપ્તાની અંતિમ તારીખથી બે મહિનામાં પઝેશન લઈ અરજદારે મકાનનો રહેવાનો ઉપયોગ શરૂ કરવાનો રહેશે અન્યથા સત્તામંડળ ફાળવણી રદ કરી શકાશે.

(૧૫) ઔડા દ્વારા જાણ કરવામાં આવે ત્યારે આપેલ, સમય, સ્થળ તારીખે હાજર રહી લાભાર્થી પતિ-પત્નીએ સંયુક્ત રીતે હાજર રહી બાયોમેટ્રિક્સ માપદંડ માટે ઔડા દ્બારા જાણ કરવામાં આવ્યેથી હાજર રહેવાનું રહેશે. હાજર ન રહેનાર લાભાર્થીને પઝેશન આપવામાં આવશે નહીં.